### પઠાણી વ્યાજખોરો સામે મની લોન્ડરીંગ કેસમાં

# ઘોડા છૂટી ગયા પછી ઈન્કમટેક્ષ અને ઈડી વ્યાજખોરોના તબેલાને તાળા મારશે !

બાયડ, તા. ૩

સમગ્ર ગુજરાતમાં પઠાણી વ્યાજખોરો દ્વારા મનફાવે તેમ લોકોની મિલ્કતો, જમીનો હડફ કરી લે છે. ત્યારે બાયડ તાલુકાના પેન્ટરપુરા ગામના ખેડૂતે પઠાણી વ્યાજખોરોના અસહ્ય ત્રાસના કારણે ઝેરી દવા પીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. પણ તેમના પરીવાર અને ગ્રામજનોએ ખેડૂત રાજેન્દ્રભાઈને દવા પીધેલી હાલતમાં વાત્રક હોસ્પીટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં.

બાયડ પોલીસ સ્ટેશન ખાતે ૧૧ પઠાણી વ્યાજખોરો વિરૂદ્ધ મની લોન્ડરીંગનો કેસ નોંધતાની સાથે સમર્થ કેપીટલના કેતુલ પટેલ, અમીત પટેલ (મુરારી ટ્રેડીંગ), પ્રદિપ પટેલ(જી.ઈ.બી કોન્ટ્રાકટર) તેમજ બાબુ મન્સૂરી, નંદુભાઈ પટેલ સહીત અન્ય વ્યાજખોરો ભૂગર્ભમાં ઉતરી ગયા છે અને હાલ વકીલોની સલાહ લઈ આ કેસમાંથી કઈ રીતે બચી શકાય તે માટેના પ્રયાસો કરાઈ રહયા છે.

શુ અરવલ્લી જીલ્લા ઈન્કમટેક્ષના અધિકારીઓના આર્શીવાદથી આ તમામ ફાઈનાન્સરોને બેનામી સંપત્તીના પુરાવા સંતાડવા માટે સમય આપ્યો છે કે પછી ઈન્કમટેક્સ અધિકારીઓ ખિસ્સા ભરાઈ ગયા છે તેવી લોક ચર્ચાએ જોર પકડ્યું છે. ફાઈનાન્સરો દ્વારા બધા પુરાવા છુપાડી દીધા પછી ઈન્કમટેક્ષના અધિકારીઓ પ્રજાને બતાવવા માટે નાટકીય રેડ કરી પોતાના ખીસ્સા ભરી કઈ ન મળ્યું તેમ કહી વીલ્લા મોંઢે પરત ફરશે. આયકર વિભાગ આવડી મોટી ઘટના બન્યા પછી પણ કેમ ચૂપ છે તે ચર્ચાનો વિષય છે.

## ફાઈનાન્સરો દ્વારા બે ચોપડા અલગ અલગ રાખવામાં આવે છે

અરવલ્લી જિલ્લા અને બાયડ શહેરમાં ચાલતા આ ફાઈનાન્સરો દ્વારા બે ચોપડા અલગ અલગ રાખવામાં આવે છે. એક ચોપડામાં કાયદેસરની એન્ટ્રી કરવામાં આવે છે, જયારે બીજા ચોપડામાં ગેરકાયદેસરની એન્ટ્રીઓ રાખીને સરકારની તિજોરીને મોટું નુકસાન કરવામાં આવી રહ્યું છે. આ ચોપડાઓમાં તમામ બેનામી વ્યવહારોની ખાતાવહી બનાવવામાં આવે છે.





**મેઘરજ તાલુકાના બાંઠીવાડા ગામે બાર મુવાડાની સંયુક્ત હોળી પ્રગટાવી**

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના બાંઠીવાડા ગામે હિન્દુ ધર્મનો હોળીનો પવિત્ર તહેવાર બાંઠીવાડાના આજુબાજુના બાર મુવાડાના હજારો લોકોની જનમેદની ભેગી મળી હોળીના બીજા દિવસે એટલેકે ધુળેટીના દિવસે સવારે અગિયાર વાગે અનોખી રીતે પ્રાચીન પરંપરાઓ મુજબ શુક્રવારના રોજ હોળી પ્રગટાવવામાં આવતા હોળી જોવા લોકોના ટોળે ટોળા ઉમટ્યા હતા. મેઘરજ તાલુકાના બાંઠીવાડા ગામે છેલ્લા ઘણા વર્ષોથી હોળીનો તહેવાર ધુળીટીના દિવસે ઉજવવામાં આવે છે. આ ગામમાં આજુબાજુ આવેલ બાર મુવાડાના લોકો એક વિશાળ ખેતરમાં હોળીના ઢોલ સાથે દાડીયા રમવા માટે રંગબેરંગી લાકડીઓ સાથે એકત્ર થયા હતા અને એકત્ર થયેલ આ લોકોએ મુવાડા વાર અલગ અલગ જુથ બનાવી હોળીના ઢોલના તાલે દાડીયાની રમઝટ જમાવી હતી. જેમાં યુવતીઓ અને મહિલાઓ ધ્વારા વગાડવામાં આવતા ઢોલ અને રમવામાં આવતો રાસ સૌ લોકોમાં આકર્ષણનુ કેન્દ્ર બન્યુ હતુ. અને દસ હજારથી પણ વધુ લોકોની ઉપસ્થિતિમાં સંયુક્ત હોળી પ્રગટાવવામાં આવી હતી. અને મોટી સંખ્યામાં હોળીની પ્રદક્ષિણા કરવા અને નાળીયેર હોમવા લોકો મોટી સંખ્યામાં લાઈનમાં જોડાયા હતા. અને હજારોની સંખ્યામાં હોળીમાં નાળીયેર હોમાયા હતા. આ નાળીયેર હોમાવવાના દ્રશ્ય જોય સૌ લોકો આશ્ચર્યચકિત થયા હતા. આ સંયુક્ત હોળીના તહેવારને લઈને યુવાનો, વૃધ્ધો અને મહિલાઓ સહિત સૌ લોકોમાં અનેરો ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો અને આ રીતે બાર મુવાડાની સંયુક્ત હોળીની ધામધુમપુર્વક ઉજવણી કરવામાં આવી હતી.

# થરાદ ડેપોના કંડક્ટરની મનસ્વીતા સામે મુસાફરોમાં ભારે રોષ

ડીસા, તા. ૩

એસ.ટી. નિગમના થરાદ ડેપોના એક્સપ્રેસ રૂટમાં ફરજ બજાવતો એક કંડકટર રોજ ચાલુ ફરજ દરમ્યાન મુસાફરો સામે નિગમના અધિકારીઓ વિરુદ્ધ બેફામ વાણીવિલાસ કરી મુસાફરોને ઉશ્કેરવા સાથે નિગમની પ્રતિષ્ઠાને પણ કલંક લગાવતો હોવાની ફરિયાદો ઉઠી રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ થરાદથી સવારે વાવ જઈ વાવથી અમદાવાદ અને અમદાવાદથી બપોરે બે વાગ્યે ઉપડી એજ રસ્તે પરત થરાદ આવતા એક્સપ્રેસ બસરૂટમાં કંડકટર તરીકે ફરજ બજાવતો નરેશ નામનો કોઈ કર્મચારી રોજ બસમાં પોતાની ફરજ દરમ્યાન નિગમના ઉચ્ચ અધિકારીઓ વિરુદ્ધ અસભ્ય શબ્દો ઉચ્ચારી મુસાફરો આગળ નિગમની છબી ખરડતો હોવાની ફરિયાદો સાંભળવા મળી રહી છે. આ કંડકટર માથાભારે હોઈ તેના ઈશારે બસના ચાલકો પણ રોજ અમદાવાદથી બસને લેટ ઉપાડતા હોવાનો બળાપો મુસાફરો ઠાલવી રહ્યા છે.

આ મામલે છાનબિન કરતા એવી વિગતો બહાર આવી છે કે આ કંડકટરનો હાલનો બસ રૂટ અગાઉ વાવથી વડોદરા સુધી દોડાવાતો હતો. જેમાં લોકોના માલસામાનની બિન અધિકૃત રીતે હેરાફેરી કરી કમાણી રળવાની આ કંડકટરને ટેવ પડી ગઈ હતી. જોકે નવા સમય પત્રકમાં આ કંડકટરના બસ રૂટને અમદાવાદ સુધી ટૂંકાવી દેવાતાં વધારાની આવક બંધ થઈ જવાથી રઘવાયો થયેલો આ કન્ડક્ટર હવે મુસાફરો સામે નિગમના અધિકારીઓ વિશે એલફેલ બોલી જૂનો રૂટ યથાવત રીતે ચાલુ કરાવવા માટે લેખિત રજૂઆતો કરવા મુસાફર જનતાને ઉશ્કેરતો હોવાનું જાણવા મળ્યું છે. કેટલાક મુસાફરોએ નામ ના આપવાની શરતે જણાવ્યું હતું કે ક્યારેય આ બસમાં મુસાફરી ના કરતા હોય તેવા અમદાવાદ અને વડોદરાના મુસાફરો પાસે પણ આ કંડક્ટરે વાવથી વડોદરાનો બસ રૂટ ફરી શરૂ કરવા નિગમના ઉપાધ્યક્ષ સુધી રજૂઆતો કરાવી છે. જોકે પોતાની દાળ ગળે તેમ ના હોવાની પ્રતીતિ થતા હવે આ કંડકટર રોજ બપોરે પોતાની બસ અમદાવાદથી જ ઈરાદાપૂર્વક લેટ ઉપાડી આવક ઘટવાના નામે અધિકારીઓ પર દબાણ ઉભું કરવાના પ્રયાસમાં સંસ્થાને આર્થિક નુકશાન પહોંચાડતો હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે.

ટૂંકમાં, પોતાને માથું દુખતું હોવા છતાં પેટ ફૂટી ઈરાદાપૂર્વક સંસ્થાના હિત અને પ્રતિષ્ઠાને નુકશાન પહોંચાડતા આવા માથાભારે કર્મચારીઓને સમયસર સીધા કરાય તે સંસ્થાના હિતમાં રહેશે એવો મત હવે એસ.ટી. પ્રેમી મુસાફરો પણ વ્યક્ત કરી રહ્યા છે.



**કૂતરાંઓથી ઘાયલ રાષ્ટ્રીય પક્ષીને બચાવાયું**

ગાંધીનગર રાજ્યનું પાટનગર હોવા સાથે તેની હરિયાળીના કારણે રાષ્ટ્રીય પક્ષી મોરના વસવાટનું કેન્દ્ર પણ છે. અનેક સંખ્યામાં મોર અહીં નિર્ભયપણે મુક્ત વિહાર કરતા જોવા મળે છે. પરંતુ કેટલીકવાર તેમની આ નિર્ભયતા તેમના માટે જોખમી પણ બની જાય છે. સેક્ટર-૩૦ ખાતે કૂતરાંઓના હુમલાને કારણે ઘવાયેલ મોરને મુક્તિધામના સ્ટાફે બચાવી સારવાર પુરી પાડતાં તેનો જીવ બચ્યો હતો. મુક્તિધામના કર્મચારીઓના ત્વરિત બચાવ કાર્યને શહેરના જીવદયાપ્રેમીઓએ બિરદાવ્યો હતો.

## ભારત ખાતેના સાયપ્રસના હાઈકમિશનર રાજયપાલશ્રીની મુલાકાતે

ગાંધીનગર, તા.૩

ભારત ખાતેના સાયપ્રસના હાઈકમિશનર શ્રીયુત ડેમેટ્રીઓસ થિયોફીલેકટોવે ગુજરાતના રાજયપાલશ્રી ઓ. પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. સાયપ્રસના હાઈકમિશનરશ્રીની સાથેની વાતચીત દરમિયાન રાજયપાલશ્રીએ ગુજરાતની વિવિધ ક્ષેત્રે થયેલી પ્રગતિનો ખ્યાલ આપ્યો હતો.



**જુનિયર સિટિઝન કાઉન્સિલના સહયોગથી સે-૪ના વૃદ્ધનું દેહદાન**

શહેરના સેક્ટર-૪ના નિવાસી નિવૃત્ત બાગાયતખાતા અધિકારી સ્વ. નારણભાઈ પટેલનું ૮૨ વર્ષની વયે તા. ૨-૩-૨૦૧૮ના રોજ અવસાન થયું હતું. જુનિયર સિટિઝન કાઉન્સિલના સહયોગથી સ્વ. નારણભાઈના કુટુંબીજન દર્શનભાઈની સંમતિથી સદ્ગતનું દેહદાન ગાંધીનગર મેડીકલ કોલેજને અર્પણ કરવામાં આવ્યું હતું. મેડીકલ કોલેજના ડૉ. ગુપ્તા, ડૉ. હિરેન ચાવડા તેમજ જુનિયર સિટિઝન કાઉન્સિલના કાર્યકર વિરેન બ્રહ્મભટ્ટ, હિતેશ રાવલ અને શની વાઘેલા આ કાર્યમાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગણપત યુનિ. ખેરવા ખાતે ૧૧મો સાઉથ એશિયન યુનિવર્સીટીઝ ફેસ્ટીવલનો પ્રારંભ

મહેસાણા, તા. ૩

મહેસાણા જિલ્લામાં આવેલ ગણપત યુનિ. ખાતે રાજ્યમાં સૌ પ્રથમવાર રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીના હસ્તે આંતરરાષ્ટ્રીય કક્ષાનો ૧૧મો સાઉથ એશિયન યુનિવર્સિટીઝ ફેસ્ટીવલ- સોફેસ્ટ-૨૦૧૮નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ૩ ફેબ્રુઆરીથી ૬ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ કાર્યક્રમમાં ભારત ઉપરાંત નેપાલ, ભૂતાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, મોરેશિયસ, અફઘાનિસ્તાન અને સાઉથ એશિયાના વિવિધ દસ દેશોના વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે. ગણપત યુનિ. દ્વારા ચાલતા આ કાર્યક્રમમાં વિવિધ દેશોના ૩૦૯ વિદ્યાર્થીઓ સહિત દેશની ૪૦ યુનિવર્સિટી અને વિદેશની ૨૫ યુનિવર્સટીએ ભાગ લીધો હતો.



# મુક્તિધામમાં ધુળેટી પર્વ ઉજવાયુ

હોળી-ધુળેટીનું પર્વ એ આનંદ-ઉલ્લાસનું પર્વ છે અને પોતાના મિત્રો સ્નેહિજનો કે પરિચિતો સાથે આ પર્વ ઉજવવાનો આનંદ જ અનેરો હોય છે. શહેરના સે. ૩૦માં મુક્તિધામ સ્મશાન સંકુલમાં વિકસાવાયેલી લાયબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરતા યુવાનો નિયમિત વાંચન માટે આવે છે. આ યુવાનોને મુક્તિધામના સ્ટાફ સાથે ઘરેબો બંધાઈ ગયો છે તેથી અહી ધુળેટીના પર્વને ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કર્મચારીઓ-વિદ્યાર્થીઓ વગેરેએ ઈકો ફ્રેન્ડલી રંગો સાથે ધુળેટી ઉજવી ધાણી-ખજૂરનો પ્રસાદ પણ આરોગ્ય હતો. આ સાથે મૃતાત્માઓના આત્માની સદ્ગતિ માટે સમૂહ પ્રાર્થના કરી શ્રદ્ધાસુમન પણ અર્પણ કરાયા હતા.

## મહેસાણા ખાતે પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્રનો પ્રારંભ

મહેસાણા, તા. ૩

મહેસાણા જિલ્લામાં વિદેશ કામકાજ, પ્રવાસ અને શિક્ષણનું પ્રમાણ વધુ રહે છે. જિલ્લાના નાગરિકોને પાસપોર્ટની સુવિધાઓ ઘરઆંગણે મળી રહેવાની સાથે સમય અને નાણાંની બચત થાય તે માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે સમગ્ર દેશમાં જિલ્લા કક્ષાએ પાસપોર્ટની સેવાઓ ઉપલબ્ધ બનાવવાનો નિર્ણય કરેલો છે. જે અંતર્ગત મહેસાણામાં આજે નાયબ મુખ્યમંત્રી અને સાંસદ જયશ્રીબહેન પટેલે જિલ્લા પોસ્ટ ઓફિસ ખાતે પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્રનો પ્રારંભ કર્યો હતો.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે આજના યુગમાં આજે દરેક માનવી વેપાર, ઉદ્યોગ, શિક્ષણ, પ્રવાસ કે અન્ય કોઈપણ કારણોસર વિદેશ પ્રવાસે જતાં હોય છે ત્યારે પાસપોર્ટ અતિ મહત્વનો બની રહે છે.




**ટોયોટા 'યારીસ'નું લોન્ચીંગ યોજાયું**

ગત ફેબ્રુઆરી માસમાં અમદાવાદ ખાતે યોજાયેલા અરીજિત સિંઘના લાઈવ કોન્સર્ટ ઈવેન્ટમાં ટોયોટા 'યારીસ'નું લોન્ચીંગ યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ટોયોટા કિર્લોસ્કર મોટર્સ પ્રાઈવેટ લિમિટેડના ડેપ્યુટી માર્કેટીંગ મેનેજર એન. રાજા તથા ઈન્ફીયમ ટોયોટોના ચેરમેન અજીત મહેતા ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ડેન્ટ અને ઈન્ફીબીમ દ્વારા સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે યોજવામાં આવેલા લાઈવ કોન્સર્ટને જનતા તરફથી બહોળો પ્રતિસાદ મળ્યો હતો.

### મોરપીંછનાં રંગ ● ૪ પાનાનું ચાલુ...

અને જગતના વ્યવહારોની વાત પણ છે. માણસને હંમેશાં વાચતા રહેતા આ સર્જક ઉમાશંકર જોશી, પન્નાલાલ પટેલ, કવિ કલાપી, રઘુવીર ચૌધરી તથા અનેક સર્જકોને યાદ કરે છે. વતન કમાલપુર, બા, દીકરી, પ્રકૃતિ, નદી, તળાવ, આકાશ, પક્ષીઓ વગેરે વારંવાર આ સંવેદનોમાં ડોકાતા રહે છે. કારણ કે આ સર્જક વાંચવાને વરદાન માનીને તેઓ જીવનની ફૂલદાનીમાં સંવેદનાને મહેકાવે છે. પુસ્તકોની પારદર્શકતાની વાત પણ કરે છે. ભવ્ય આભની નીચે ધૂળભરી પગદંડીમાં રખડવું ગમે એવી રીતે આ સંવેદનોમાં વિહરવું ગમે છે. કારણ અહીંયા શબ્દ, સાહિત્ય, સંસ્કાર, પ્રકૃતિશ્રુંગાર, કલ્પનની સાથે સાથે જીવનની સમજણ છે. દાંમ્પત્યજીવનની ગરિમા છે, નવા સર્જકોને ઉપયોગી બની રહે એવી લેખનકલાની રેસિપી પણ છે, ગાંધીનગર સાથેના સંસ્મરણો, જીવનમાં પરિવર્તનનું મહત્વ અને પ્રાર્થના અને પ્રસંશાની સકારાત્મકતા તથા ચાહતની સાચી રીત આ સર્જક આપણને આપે છે.

આ પુસ્તક આંતરિક રીતે તો સમૃદ્ધ છે જ પણ એનું ટાઈટલ પણ એકદમ આકર્ષક બન્યું છે. 'બુક શેલ્ફ' દ્વારા પ્રકાશિત આ પુસ્તકની બીજી ખાસિયત એમાં રહેલા દરેક સંવેદનની સાથે રહેલી કાવ્યાત્મક અને જીવંત તસવીરો છે. અહી સર્જકના શબ્દોની સાથે આ તસવીરો પણ બોલે છે. અંદરના પૃષ્ઠોની બ્લેક એન્ડ વ્હાઈટ ડિઝાઈન આખા પુસ્તકને એક નવી આભા આપે છે. આ સંવેદનો સાહિત્યનો કોઈ જ પ્રકાર લઈને આવતા નથી પરિણામે ભાવકોને એની સંવેદના શીરાની જેમ સીધી જ હૈયામાં ઊતરી જાય છે. કેમ કે સાહિત્યનું મૂળ તો સંવેદના જ છે.

9426060601.india@gmail.com

### ફોર વ્હીલરમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રક્રીયામાં બદલાવ આવતા ગોલ્ડન તેમજ સિલ્વર એમ બે કેટેગરીમાં હરાજીની પ્રક્રીયા યોજવામાં આવે છે. હરાજીની પ્રક્રીયાના અંતે આર ટી ઓ કચેરી નોંધપાત્ર આવક કરે છે. જયારે ગોલ્ડન અને સિલ્વર નંબરોની હરાજી પ્રક્રીયાના અંતે પણ ઘણાં નંબરો બાકી રહી ગયા હતા. જયારે બાકી નંબરો માટે ઈ ઓકસન કરીને આર ટી ઓ કચેરી બાકીના નંબરોની હરાજી કરે છે. આર ટી ઓ એ આવા બાકી ૨૩ નંબરોની હરાજી કરીને કુલ ૯.૬૧ લાખની આવક કરી છે. જેમાં ફોર વ્હીલરમાં ૯૯૯ નંબર ૨.૬૨ લાખ તેમજ ૯૯૯૯ નંબર ૧.૫૮ લાખ ચુકવાયા હતા.૫ નંબર માટે ૨૬ હજાર ,૧૧ નંબર માટે ૪૧ હજાર,૧૮ નંબર માટે ૧૨ હજાર,૧૮૧૮ નંબર માટે ૨૩ હજાર૨૭૨૭ નંબર માટે ૧૫ હજાર જયારે ૭૨૭૨ નંબર માટે ૩૫ હજાર અને ૯૦૦૦ હજાર નંબર માટે ૨૬ હજાર ચુકવાયા હતા.

### રોડમેપ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હવે પછી પુનઃ ૧૨મી માર્ચના રોજ આ અંગેની સમીક્ષા બેઠક મળશે. જેમાં રોડમેપ અને નક્કર આયોજનો સાથે અધિકારીઓને હાજર રહેવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર સતીષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મનીષાબેન પટેલ તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટ સહિતના જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કેસરીયો લહેરાયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેને લઈને રાજકીય ગતિવિધિ તીવ્ર બની ગઈ છે. અહીં કોંગ્રેસ, ભાજપ અને એનપીપી વચ્ચે સીધી ટક્કર દેખાઈ રહી છે. ભાજપે મેઘાલયમાં પણ એનપીપીનો સંપર્ક કર્યો હોવાના અહેવાલ મળ્યા છે. મેઘાલયમાં પણ કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. નાગાલેન્ડ અને મેઘાલયમાં વિધાનસભાની ચૂટણી અગાઉ સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચ ૨૭મી ફેબ્રુઆરીના દિવસે ઉંચુ મતદાન થયુ હતુ. ઉંચુ મતદાન થયા બાદ આજે મતગણતરી શરૂ થઈ હતી. ૨૭મીએ નાગાલેન્ડ અને મેઘાલયમાં એકંદરે શાંતિપૂર્ણરીતે મતદાન પૂર્ણ થયું હતું. બંને રાજ્યોમાં ઉંચા મતદાન બાદ ઉત્સુકતા વધી ગઈ હતી. એકબાજુ મેઘાલયમાં ૬૭ ટકાથી વધુ મતદાન થયું હતુ જ્યારે નાગાલેન્ડમાં ૭૫ ટકાથી પણ વધુ મતદાન થયું હતુ. ડેપ્યુટી ઈલેક્શન કમિશનર સુદીપ જૈને કહ્યું હતુ કે નાગાલેન્ડમાં ૭૫ ટકાથી ઉપર મતદાન થયું હતુ. નાગાલેન્ડમાં હિંસાના છુટાછવાયા બનાવ બન્યા હતા. ક્રૂડ બોંબ ઝીંકવાના બનાવમા એકને ઈજા થઈ હતી. ગોળીબારના બનાવમાં અન્ય એકને ઈજા થઈ હતી.

ભાજપે નાગા પીપલ્સ ફ્રન્ટના નેતૃત્વમાં ડેમોક્રેટિક અલાયન્સ ઓફ નાગાલેન્ડ સાથે પોતાના ૧૫ વર્ષ જુના સંબંધને તોડી લીધા હતા. ભાજપે તેની સાથે સંબંધ તોડીને હાલમાં જ રચવામાં આવેલા નેશનલ ડેમોક્રેટિક પોલિટિકલ પાર્ટી સાથે હાથ મિલાવ્યા હતા. રાજ્ય વિધાનસભામાં ૬૦ સીટો છે. એનપીએફે ૫૮ સીટો પર પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા. આજે તમામ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થયો હતો. નેશનલ પીપલ્સ પાર્ટીએ એનપીએફ સાથે ચૂંટણી પૂર્વે ગઠબંધન કર્યુ હતુ. નાગાલેન્ડમાં છેલ્લા બે વર્ષોમાં નેતૃત્વનુ સંકટ સર્જાઈ ગયુ હતુ. સ્થાનિક મુદ્દા ચમક્યા બાદ હવે લોકો કોને તક આપે છે તે બાબત ઉપયોગી રહેશે. ત્રિપુરામાં ૬૦ વિધાનસભા પૈકી ૫૯ સીટ માટે શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉંચુ મતદાન થયુ હતુ. મતદાન પૂર્ણ થયા બાદ ૭૪ ટકાથી પણ ઉંચુ મતદાન થયું હોવાની ચૂંટણી પંચે વાત કરતા ડાબેરીઓ અને ભાજપમાં અટકળોનો દોર શરૂ થયો હતો. ડાબેરીઓ છેલ્લા ૨૫ વર્ષથી સત્તા પર છે. મતદાન શરૂ થયા બાદ મેઘાલયમાં ૩૭૦ ઉમેદવારના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા.આજે મતગણતરી શરૂ થઈ હતી. મેઘાલયમાં ૩૦૮૩ મતદાન મથકો પર ૧૮.૪ લાખ મતદારો નોંધાયા હતા જે પૈકી ૬૭ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ વખતે ૬૭ ઓલ વુમન પોલિંગ સ્ટેશન ઉભા કરવામાં આવ્યા હતા. ૬૧ મોડલ પોલિંગ સ્ટેશન પ્રથમ વખત ઉભા કરવામાં આવ્યા હતા. ચૂંટણી મેદાનમાં ૩૨ મહિલાઓ હતી.

### પ્રજાએ ફગાવી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવશે. તેમણે કહ્યું હતું કે, અમને પ્રજાના સપના અને અપેક્ષાઓને પૂર્ણ કરવા માટે કામ કરવાની જરૂર છે. ત્રિપુરાના પરિણામ અંગે તેમણે કહ્યું છે કે, આ અંગે કહેવા માટે તેમની પાસે શબ્દો નથી. લોકોનો તેઓ આભાર માને છે. ત્રિપુરાને સંપૂર્ણપણે બદલી નાંખવામાં અમે કોઈ ખચકાટ કચાસ રાખીશું નહીં. અન્ય ટ્વીટમાં નાગાલેન્ડનો ઉલ્લેખ કર્યો છે અને કહ્યું છે કે, નાગાલેન્ડમાં પાર્ટીની શાનદાર જીત થઈ છે. નાગાલેન્ડના પોતાના તમામ લોકોને તેઓ ખાતરી આપવા માંગે છે.

રાજ્યની પ્રગતિ અને સમૃદ્ધિ માટે કામ કરવામાં આવશે. ખુબ જ પરિશ્રમ કરવા માટે તેઓ સ્થાનિક ભાજપ એકમનો પણ આભાર માને છે. અન્ય એક ટ્વિટમાં તેઓએ મેઘાલયની જનતાને સંબોધતા કહ્યું છે કે, રાજ્યની પ્રગતિ અમારી પ્રાથમિકતા છે. રાજ્યમાં પ્રજાની સતત સેવા કરવા માટે ભાજપના કાર્યકરોની પ્રશંસા કરે છે. દરેક ચૂંટણી બાદ ભારતની પ્રજાએ એનડીએના રચનાત્મક અને વિકાસના એજન્ડા પર વિશ્વાસ વધાર્યો છે. લોકોની પાસે નકારાત્મક અને વિઘટનકારી રાજનીતિ માટે કોઈ સમય નથી અને સન્માન પણ નથી. આ ચૂંટણીથી આ બાબત સાબિત થઈ ગઈ છે. મેઘાલયના સંદર્ભમાં વાત કરતા તેમણે કહ્યું છે કે, ભાજપે એનડીપીએની સાથે મળીને ચૂંટણી લડી હતી. મોદીએ લોકોનો આભાર માનતા કહ્યું છે કે, તેમની પાર્ટીના કાર્યકરોની મહેનત પણ દેખાઈ રહી છે.

### કોંગ્રેસ સાવધાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ભુલોથી બોધપાઠ લઈને કોંગ્રેસ પાર્ટીએ મેઘાલયમાં સરકાર બચાવવાની કવાયત શરૂ કરી દીધી છે. કોંગ્રેસ પાર્ટીના દિગ્ગજ નેતા અહેમદ પટેલ અને કમલનાથ મેઘાલય પહોંચી ગયા છે. ગોવા અને મણિપુરમાં ચૂંટણી પરિણામમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હોવા છતાં મોડે અને વિલંબ કરવાના કારણે કોંગ્રેસ સરકાર બનાવી શકી ન હતી જેથી કોંગ્રેસ મેઘાલયમાં આ પ્રકારના જોખમ લેવા ઈચ્છુક નથી. પ્રવાહ ઉપલબ્ધ બન્યા બાદ કોંગ્રેસના મુખ્ય વ્યૂહરચનાકાર અહેમદ પટેલની સાથે કમલનાથ શિલોંગ પહોંચી ગયા છે. મેઘાલયમાં પણ પ્રથમ વખત સરકાર બનાવવાના પ્રયાસમાં રહેલા ભાજપે સાવધાનીપૂર્વકની રમત શરૂ કરીદીધી છે. ભાજપે મેઘાલયમાં સ્વર્ગસ્થ નેતા પીએ સંગ્માની પાર્ટી એનપીપી સાથે વાતચીત શરૂ કરી દીધી છે. ભાજપ અને એનપીપી હાથ મિલાવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બીજી બાજુ છેલ્લા નવ વર્ષથી સત્તામાં રહેલા મુકુલ સંગ્માને વિશ્વાસ છે કે, તેમની પાર્ટી ફરીથી સત્તામાં આવશે. મુકુલ સંગ્માના આત્મવિશ્વાસને છોડી દેવામાં આવે તો વર્ષ ૨૦૧૬માં તુરા લોકસભા પેટા ચૂંટણીમાં એનપીપીના હાથે તેની હાર થઈ હતી.

### રાઈટ નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નથી તેવી વાત પણ કરી હતી. તે વખતે મોદીએ તરત જ એક્ટ ઈસ્ટ પોલિસીની વાત કરી હતી. અમિત શાહે કહ્યું હતું કે, આ જીત તેમની રાજનીતિ અને નીતિઓની છે. ત્રણેય રાજ્યો હવે ભાજપની કામગીરીના સ્વીકારને મંજુરીની મહોર મારે છે. ઉત્તર પૂર્વના ત્રણ રાજ્યોમાં આજે ચૂંટણી પરિણામો આવ્યા છે તે આશાસ્પદ અને સારા રહ્યા છે. હવે કર્ણાટકમાં પણ પ્રચંડ જીતના ઈરાદા સાથે આગળ વધીશું. તેમની પાર્ટીના કાર્યકરો હવે કર્ણાટકમાં આવી જ બહુમતિ સાથે જીત મેળવવાની દિશામાં કામ કરશે. આ જીતના પરિણામ નૈતિસ જુસ્સો વધારનાર રહ્યા છે. અમિત શાહે પોતાના સંબોધનમાં એમ પણ કહ્યું હતું કે, જ્યાં સુધી ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ અને કેરળમાં અમારી સરકાર બનશે નહીં ત્યા સુધી પાર્ટીનો સુવર્ણ યુગ શરૂ થશે નહીં. તેઓએ કહ્યું હતું કે, ભાજપ અન્ય રાજ્યોમાં પણ શાનદાર દેખાવની દિશામાં આગળ વધી રહ્યું છે.